**ઉપાધ્યાય યશોવિજયજી દ્વારા રચિત**

**અમૃતવેલની સજ્ઝાય**

ચેતન ! જ્ઞાન અજવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત ડમડોલતું વાળીએ, પાળીએ સહજગુણ આપ રે. 1
ઉપશમઅમૃતરસ પીજીયે,કીજીએ સાધુગુણગાનરે;
અધમવયણે નવિ ખીજીયે, દીજીએ સજ્જનને માન રે...2
ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીયે વયણ મુખ સાચ રે;
સમકિતરત્ન રુચિ જોડીયે, છોડીયે કુમતિ-મતિ-કાચ રે...3
શુદ્ધ પરિણામના કારણે, ચારના શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે...4
જે સમવસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે,
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત જેમ મેહ રે... 5
શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપુર રે... 6
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂળ-ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા, ભાવ નિર્ગ્રન્થ રે...7
શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે;
જે સુખ હેતુ જિનવર કહ્યો પાપજળ તરવા નાવ રે... 8
ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે...
દુરિત સવિ આપણા નિંદીયે, જેમ હોય સંવરવૃદ્ધિ રે... 9
ઇહભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણા, નિન્દીયે તેહ ગુણ ઘાત રે... 10
ગુરુ તણાં વચન તે અવગણી, ગૂંથીયા આપ-મતજાળ રે;
બહું પરે લોકને ભોળવ્યા, નિંદીયે તેહ જંજાળ રે... 11
જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે,
જેહ પરધન હરી હરખિયા, કીધલો કામઉન્માદ રે.. 12
જેહ ધનધાન્ય મૂર્છા કરી, સેવિયા ચાર કષાય રે,
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કિયો કલહ ઉપાય રે... 13
જૂઠ જે આળ પરને દીયા, જે કર્યાં પિશુનતા પાપ રે:

રતિ-અરતિ,નિંદ-માયા-મૃષા,વળીય મિથ્યાત્વ સંતાપ રે 14
પાપ જે એહવા સેવિયાં તેહ નિંદિએ ત્રિહું કાળ  રે
સુકૃતઅનુમોદના કીજિયે, જિમ હોય કર્મ વિસરાલ રે... 15
વિશ્વઉપકાર જે જિન કરે, સાર જિનનામ સંયોગ રે;
તે ગુણ તાસ અનુમોદિયે, પુણ્યઅનુબંધ શુભ યોગ રે... 16
સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યાનો, ચરણ વન સીંચવા મેહ રે... 17
જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર-સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂળ-ઉત્તર ગુણધામ રે... 18
જેહ વિરતિ-દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચાર રે;
સમકિતદ્રષ્ટિ સુર નર તણો, તેહ અનુમોદીયે સાર રે...19
અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે,
સર્વ તે ચિત્ત અનુમોદિએ, સમકિતબીજ નિરધાર રે... 20
પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે...21
થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ્ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે... 22
ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નયભાવના, પાવનાશય તણું ઠામ રે... 23
દેહ મન વચન પુદગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન-આનંદ-સ્વરૂપ રે... 24
કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દ્રષ્ટિ સ્થિર મેલ રે...25
ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાન રૂપિ-વ઼ેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે... 26
રાગવિષ-દોષ ઉતરતાં, ઝારતાં દ્વેષરસ શુષ રે,
પૂર્વ મુનિવચન સંભારતાં, વારતાં કર્મ નિ:શેષ રે...27
દેખિયે માર્ગ શિવનગરીના, જે ઉદાસીન પરિણામ રે...
તેહ અણછોડતાં ચાલિયે, પામીયે જેમ પરમધામ રે... 28
શ્રી નયવિનય ગુરુ શિષ્યની, શીખડી અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગરેલ રે...29